Capital World (Gujarati) Pg 5, 12th July 2022

# મેક્રો ઈકોનોમિકની અનિશ્ચિતતા વચ્ચે બિટકોઈ સહિતની કરન્સીમાં ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૭**

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨.૪૫ ટકાનો ઘટાડો

મેક્રોઈકોનોમિક અનિશ્ચિતતાને લીધે તથા અમેરિકામાં સ્ટોક ફ્યુચર્સમાં થયેલા ઘટાડાને પગલે સોમવારે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ઘટાડો થયો હતો. બિટકોઈન ૨૦,૫૦૦ ડોલરની આસપાસ રહ્યો હતો.

એસએન્ડપી ૫૦૦ સાથે સંકળાયેલા ફ્યુચર્સના ભાવમાં ૦.૭ ટકાનો તથા નાસ્દાકના ફ્યુચર્સમાં ૦.૯ ટકાનો ઘટાડો થયો હતો. આના પરથી જોઈ શકાય છે કે ક્રીપ્ટોકરન્સીમાં પણ સ્ટોક માર્કેટનું અનુકરણ થઈ રહ્યું છે.

ગયા સપ્તાહે અમેરિકામાં રોજગારીના આંકડા સદ્ધરતા દર્શાવે છે. આથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરવાનુ ચાલુ રાખશે એવો અંદાજ છે. ક્રીપ્ટો માર્કેટના આંકડાઓ દર્શાવે છે કે ખરીદદારી લાંબી ચાલી શકી નથી. એક્સચેન્જોમાં ૧૧૭ મિલ્યન ડોલરના ફ્યુચર્સનાં ઓળિયાં સુલટાવી દેવાયાં હતાં, જે તેજીના સોદાઓના ૮૦ ટકા થાય છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૭૨ ટકા (૬૯૮ પોઈન્ટ) ઘટીને ૨૭૧૩૭ પોઈન્ટ બંધ રહ્યો હતો.